ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૮.૭ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૩૧ ટકા

## લોકડાઉન લંબાવવું જોઈએ કે નહિ?

# ગાંધીનગર માને છે હજુ, લૉકડાઉન લંબાવવું જોઈએ

**ગાંધીનગર, તા.૯**

**કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સમગ્ર દેશમાં ૨૧ દિવસીય લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું જેને પંદર દિવસ તો થઈ ચુકયા છે. હવે આમ, તો શહેરીજનો સોશિયલ મીડિયા, ન્યુઝ પેપર અને ન્યુઝ ચેનલના માધ્યમથી કોરોના રોગ વિશેની વિસ્તૃત મહિતી મેળવી જ લે છે અને સમજે પણ છે. નરેન્દ્ર મોદીજી દ્વારા જાહેર કરેલા ૨૧ દિવસીય લોકડાઉનને હકારાત્મક પ્રતિસાદ પણ મળ્યો છે ત્યારે દેશ અને રાજયની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને લોકડાઉનને લંબાવવું જોઈએ કે નહિ તે બાબતે શહેરીજનોનું શું કહેવું છે તે જાણીએ.**

**● નિશીત વ્યાસ (ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી)**



મારા મતે મોટી દુ:ખદ ઘટના એ છે કે આપણે ત્યાં સેમ્પલ ટેસ્ટિંગ થતા નથી જેને લીધે સંક્રમિત કે એફેકટેડ લોકોના આંકડા મળતા નથી. જયાં સુધી પાકી દવા ન મળે ત્યાં સુધી જે એરિયામાં ગંભીર પરિસ્થિતિ છે ત્યાંતો સંપૂર્ણ લૉકડાઉન રહેવું જ જોઈએ. કોઈ પણ નિર્યણ લેતા પહેલા એકસપર્ટની સલાહ લેવી અને એ નિર્ણય લીધા બાદ જ કોલ આઉટ આવે છે તે બાબત ધ્યાનમાં લઈ પછી જ કોઈ નિર્ણય લેવો. સેવાકીય સંસ્થાઓને સરકારે સેવાકાર્યમાં જોડવી જેથી તેઓ ભૂખ્યાને ખવડાવવામાં મદદરુપ થઈ શકે. બાકી એમ થશે કે આ લૉકડાઉનને કારણે કોરોના કરતા ભૂખમરાથી વધુ મોત નિપજશે. કોંગ્રેસ પક્ષ અને મારો પરિવાર લૉકડાઉનના કોઈ પણ નિર્ણયમાં સરકાર સાથે છે.

**● પદમસિંહ ચૌહાણ (ગાંધીનગર શહેર ભાજપ મંત્રી)**



મારા મતે લૉકડાઉન લંબાવવું જોઈએ. એક વખત જો કોરોના કંટ્રોલ બહાર જતો રહેશે તો કંટ્રોલ કરવો અઘરો છે. માનવીય રીતે અને સરકાર માટે પણ લૉકડાઉન હિતકારી છે. જો શરૂઆતમાં જ નિદાન થઈ જાય તો સંક્રમણને વધતું અટકાવી શકાશે.

**● પ્રમોદ પટેલ (નિવૃત્ત અધિક તિજોરી અધિકારી)**



સમગ્ર દેશ સથે ગુજરાતમાં પણ કોરોના વાયરસના સતત વધતા જતા કેસ સાથે પરિસ્થિતિ ચિંતાજનક બનતી જાય છે. આ રોગનો ફેલાવો અટકાવાનો એક માત્ર ઉપાય લૉકડાઉન છે. નરેન્દ્ર મોદીજી દ્વારા જાહેર કરાયેલા ૨૧ દિવસીય લૉકડાઉનને સફળ બનાવવા પોલીસ દળ, હોમગાર્ડ, સિવિલ ડિફેન્સ, જીઆરડી, ટ્રાફિક બ્રિગેડ જેવા તંત્ર રાત દિવસ ફરજો બજાવી રહ્યા છે તેને તમામ લોકોએ પોતાની નૈતિક ફરજ સમજી સહકાર આપવા વિનંતી છે. આ માટે ૧૪ એપ્રિલના રોજ પૂર્ણ થતી લૉકડાઉન કાર્યક્રમની મુદતમાં વધારો કરવો જરુરી છે અને તેને સમર્થન આપવા દરેક દેશવાસીઓને મારી અપીલ છે.



**● મહેન્દ્રસિંહ જાડેજા (અધિકારી, મહેસાણા ડિસ્ટ્રીક કો.ઓપ. બેંક)**

જયાં નવા કેસ આવતા હોય ત્યાં લૉકડાઉન રાખવું જોઈએ પણ જે એરિયામાં કેસ ન હોય અથવા નવા આવ્યા ન હોય ત્યાં લૉકડાઉનમાંથી અમુક હદે મુકિત આપી શકાય. લૉકડાઉન સિવાય કોરોના નાબૂદ નહિ જ થઈ શકે એ આપણે સૌ જાણીએ જ છીએ. જેથી મારા મતે હોટસ્પોટ એરિયામાં સંપૂર્ણ લૉકડાઉન આપી શકાય.

**● અશોક પૌંદા (નિવૃત્ત ટેકસટાઈલ ઓફિસર)**



હાલમાં કોરોનાનો વ્યાપ ખૂબ વધારે છે. કોરોનાની રસી હજી શોધાઈ નથી તેને માટે અત્યારનો બેસ્ટ વિકલ્પ લૉકડાઉન જ છે. જો ઘરની બહાર નીકળીએ તો આ રોગનો ચેપ લાગે અને એ સંક્રમણથી ઘણા દર્દીઓ ઉભા થઈ શકવાની શકયતા પણ છે. કોને કોરોના ચેપશે તે ખબર નથી જેથી હાલના તબક્કે જયાં સુધી કોરોનાના જેટલા દર્દી છે તે કોરેન્ટાઈનમાં આવી જાય ત્યારબાદ જ ધીમે ધીમે તબક્કાવાર લૉકડાઉન ખોલવું જોઈએ તેવું મારું માનવું છે.

**● ચેતન ત્રિવેદી (વેપારી)**




જયાં વધુ કેસીસ છે ત્યાં લૉકડાઉન લંબાવવું જોઈએ જયાં ઓછા છે ત્યાં થોડી છૂટછાટ આપવી જોઈએ. બાકી ઘરે રહીને તો બધા જ કંટાળી જશે અને જે એરિયામાં કોરોનાના કેસ ન હોય તેઓ પણ પોતાના એરિયાની બહાર ન જાય તો પણ ચાલે પરંતુ થોડી છૂટછાટ મળે તો તેઓ મનથી સ્વસ્થ થઈ શકશે.

**● નિરાલી જોષી (ગૃહિણી)**



આ બિમારી એકબીજાના સ્પર્શ માત્રથી ફેલાય છે અને આવી પરિસ્થિતિમાં જો લૉકડાઉન ખોલવામાં આવે તો આ બિમારીનો ચેપ લાગતા વાર થાય તેમ નથી. સમગ્ર વિશ્વમાં આ બિમારી ઝડપથી ફેલાઈ રહી છે. આવી પરિસ્થિતિ આપણા દેશ કે આપણા શહેરમાં ન થાય તે માટે લૉકડાઉન જરુરી છે.

**● ડો. દિશા પોપટ (આસિસ્ટન્ટ પ્રોફેસર ચૌધરી કોમર્સ કોલેજ)**



કોરોના આજે સમગ્ર વિશ્વના અસ્તિત્વ માટે એક જોખમ ઉભું કરી રહ્યું છે ત્યારે એક પ્રોફેસર તરીકે મને લાગે છે કે ભારતના ૨૧ દિવસના લૉકડાઉન દરમિયાન પણ આજે પોઝીટીવ કેસમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેને નિયંત્રણમાં લાવવા માટે તો સૌ પ્રથમ લૉકડાઉનના પાલનને હજી કડક કરવાની જરૂરિયાત વર્તાઈ રહી છે. આ પરિસ્થિતિમાં નરેન્દ્ર મોદીજી જાન હૈ તો જહાન હૈ ને યથાર્થ કહેવડાવે છે. આ પરિસ્થિતિને કાબુમાં લેવા જો હજી લૉકડાઉન લંબાવવું પડે તો પણ મને મોદી સરકારની વ્યુહરચના પર ભરોસો છે.

**● કાવ્યા થાનકી (વિદ્યાર્થીની)**

હું એમએસસી બાયોટેકનોલોજીની વિદ્યાર્થીની છું. કોરોના જેવા રોગની દરેક બાબતો મારા અભ્યાસક્રમ સાથે સંકળાયેલી હોવાથી તેની ગંભીરતા વિશે સમજું છું. અત્યારની પરિસ્થિતિમાં ઘરે જ રહી અને



આપણી સંભાળ રાખીએ એ જ સમયનો તકાજો છે. જો આ મહામારી વધુ ફેલાશે તો અનિયંત્રિત બની કાળો કેર વર્તાવશે. અનિવાર્ય હોય તો તાળાબંધી લંબાવવાના નિર્ણયને મારું સંપૂર્ણ સમર્થન રહેશે. એક વિદ્યાર્થી તરીકે આ સમયનો સદઉપયોગ કરવા સ્વયંના વિકાસ માટે તથા અવનવી કલાઓ પર હાથ અજમાવવા માટે મેં યુ-ટયુબ ચેનલ પણ શરુ કરી છે જેનો પ્રથમ વિડીયો જ કોરોના સંબંધી જાગૃતિ વધારવાનો છે.આવો આપણું શ્રેષ્ઠ આપીને જંગ-એ-કોરોનામાં વિજયી બનીએ.

**● મહર્ષિ શુકલ (વિદ્યાર્થી)**



વિશ્વ વ્યાપી મહામારીને કારણે ઉદભવેલ સાંપ્રત પરિસ્થિતિમાં સરકાર દ્વારા સમયસર આપવામાં આવેલ લૉકડાઉનને કારણે સ્થિતિ ઘણી નિયંત્રણમાં રહી છે. આ સમયગાળામાં મેં પોતાને ઘણી પ્રવૃતિથી જોડેલી રાખી મારા મત પ્રમાણે લૉકડાઉનની અવધિનો આધાર સીધી રીતે જોઈએ તો કોરોના ન ફેલાવા ઉપર અને લોકોની જાગૃતતામાં રહેલો છે. સમાચારો મુજબ હજુ પણ ઘણા કામ વગર ફરતા જોવા મળે છે. પણ જો લોકો દ્વારા લૉકડાઉનના અમલનું પાલન થાય અને પુરતી કાળજી લેવાય તો ચોકકસ પણે આપણે આ પરિસ્થિતિમાંથી અન્ય દેશોની સરખામણીએ બહાર આવી શકીશું. હાલની સ્થિતિને ધ્યાનમાં લેતા લૉકડાઉન લંબાવાય તે હીતાવહ જ છે.

**● કિન્નર ઝવેરી (બિલ્ડર)**

હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લેતા લૉકડાઉનનો સમય આગળ વધારવો જોઈએ. હા દેશને ભારે આર્થિક અસર સાથે ખોટનો સામનો



કરવો પડશે પણ સ્વાસ્થ્ય આ દરેક કરતા વધુ મહત્વનું છે. અમુક એરિયામાં વધુ કેસ ન પણ આવે તો પણ આ હાલની પરિસ્થિતિને થાળે પાડવા માટે એકથી બે અઠવાડિયાનું લૉકડાઉન જરુરી છે અને હોટસ્પોટ એરિયામાં ૩ થી ૪ અઠવાડિયા સુધી લૉકડાઉન લંબાવાય તો પણ કોઈ પ્રશ્ન નથી. લૉકડાઉન સંપૂર્ણ નાબુદ ત્યારે જ થશે જયારે કોરોનાના કેસ ઓછા થતા થતા નહિવતતા તરફ આગળ વધે અને આ પરિસ્થિતિને લાવવા માટે હાલ લૉકડાઉનનો અમલ કરવો જરુરી છે. આપણે ઘરે જ રહીને કોરોનાને સંક્રમિત થતો અટકાવી શકીએ છીએ તો ઘરમાં રહો, સુરક્ષિત રહો.

**● અભિરાજસિંહ ઝાલા (ડાન્સ કોરિયાગ્રાફર)**

કોરોના સામે વિજય મેળવવા માટે લૉકડાઉન લંબાશે તો પણ હું તૈયાર છું. શરૂઆતમાં લૉકડાઉન સમયે તકલીફ પડી હતી પણ પછી સમજાયું કે આપણા સાથે અનેક વર્ગને આ જ તકલીફનો સામનો કરવો



પડી રહ્યો છે. ધંધા-રોજગાર પર પણ સો ટકા અસર થઈ રહી છે. અમારા મનોરંજનના ફિલ્ડમાં પણ માઠી અસર થઈ છે. કોરિયોગ્રાફર તરીકે મેં તો ઘરે ઓનલાઈન ડાન્સનું શિક્ષણ આપવાનું શરુ કરી દીધું છે પરંતુ હું એટલું જ કહીશ કે ભાગદોડની જીંદગીમાંથી આ લૉકડાઉનના સમયમાં ઘર પરિવાર સાથે સમય પસાર કરવા મળ્યો જે જરુરી હતો. અને હજુ જો ઘરે રહેવું પડે તો ચિંતા કરવાની જરૂર નથી. ભારત સરકાર જે પગલા લે છે તે જનતાના હિતમાં જ છે. આ વખતે 'ઘર બેઠેગા ઈન્ડિયા, તો જીતેગા ઈન્ડિયા.'

## જુસિકા દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં દાન સાથે અવિરત સેવા કાર્યો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરની સેવાભાવી સંસ્થા જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા લોકડાઉનના સમયમાં પણ પોતાની નિયમિત સેવાઓ જેવી કે અંતિમવિધીનો સામાન, શબવાહિની સેવા તથા જરૂરિયાતમંદોને ઘઉંનો લોટ તથા ફુડ પેકેટસ પુરા પાડવા સહિત વિવિધ સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે.

જુસિકા દ્વારા ભરૂચની એક મહિલાને જે ગાંધીનગર રહીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કેન્સરની સારવાર લઈ રહ્યા છે તેમના માટે એમ્બ્યુલન્સ પુરી પાડવી, રસ્તામાં અટવાઈ પડેલા જરૂરિયાતમંદને તેમના ઘરે પહોંચાડવાની શહેરના ૪૦ જેટલાં જરૂરિયાતમંદ પરિવારોને ઘઉંનો લોટ પુરો પાડવાની તથા દાતાઓની મદદથી ફુડ પેકેટસ વિતરણ કરવાની સેવા આપવામાં આવી રહી છે. સંસ્થા દ્વારા તા. ૩૧મી માર્ચના રોજ મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ. ૧,૧૧,૧૧૧નું ફંડ દાનમાં આપવામાં આવ્યું છે. આ કપરા સમયે જુસિકાના એમ્બ્યુલન્સના ડ્રાયવરો, સ્ટાફના સભ્યો તથા દાતાઓ તેમની નિયમિત સેવા આપી રહ્યા છે તે અંગે સંસ્થા દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો છે.

## ગાંધીનગરમાં કામ વિના ફરતા વધુ ૧૦૭ સામે જાહેરનામા ભંગનો ગુનો

ગાંધીનગર, તા.૯

એક તરફ સમગ્ર ગુજરાતમાં કોરોનાએ કોહરામ મચાવ્યો છે ત્યારે લોકડાઉનની પરિસ્થિતિમાં પણ ગાંધીનગર શહેરી-ગ્રામીણ વિસ્તારમાં કામ વિના ફરતા નાગરીકો જોવા મળી રહ્યા છે. હજુ પણ તેઓ જાણે ઘરમાં બેસી રહેવા માટે તૈયાર ન હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે બિનજરુરી આંટાફેરા મારતા નાગરીકોને પકડી પાડવા માટે પોલીસ તંત્ર દ્વારા રાઉન્ડ ધ કલોક પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું છે. તે ઉપરાંત ડ્રોન કેમેરાથી પણ સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે પોલીસના હાથે આજે આંટાફેરા મારતા ૧૦૭ નાગરીકો પકડાઈ ગયા હતા. પોલીસે આ તમામ સામે જાહેરનામાં ભંગ બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરી-ગ્રામીણ વિસ્તારમાં હજુ પણ લોકડાઉનની વચ્ચે પણ બિનજરુરી ઘરની બહાર નીકળતા નાગરીકો નજરે પડે છે. કેટલાક ઠેકાણે ટોળે વળીને વાતચીત કરતા નજરે પડે છે. જેમાં ગાંધીનગરના વિવિધ પોલીસ મથક વિસ્તારમાંથી નાગરીકો ઝડપાયા છે. જેમાં ખોરજ પાસેથી ૩, ચિલોડા પોલીસ મથક વિસ્તારમાં ઈસનપુર મોટા ગામે વિવિધ જગ્યાએ થી ૫, લેકાવાડ ગામેથી ૩, અને છાલા-ચંદ્રાલા ગામેથી ૧૧ નાગરીકોને પકડી પાડ્યા છે. ડભોડા ગામેથી ૨, કુડાસણ શ્રીજી આઈકોન સોસાયટી પાસેથી ૫, રાંદેસણ શ્રીરંગ મોલ નજીકથી ૩, નવા કોબા ગામેથી ૩, રાંધેજા ગામેથી ૩, સરઢવ થી ૪ નાગરીકોને બિન જરુરી આંટા મારતા પોલીસના હાથે ઝડપાયા હતા.

જયારે શહેરી વિસ્તારમાં સેકટર-૨૮ જીઆઈડીસી પાસેથી ૪, સેકટર-૩૦ માંથી ૨, સેકટર-૨૯ માંથી ચાર જગ્યાએથી ૧૧, સેકટર-૨૮ આદીવાડા ગામમાંથી ૪, સેકટર-૧૩ માંથી ૪ અને વાવોલ ગામ અને તરપોજવાસમાંથી ૯, સે-૧૪ ગોકુલપુરા છાપરામાંથી ટોળે વળીને બેઠેલા ૭, સે-૨૮ ફુટપાથ પરથી ૧, અડાલજ શ્રીનાથ રેસીડન્સી પાસેથી ૪ ને અંબાપુર ગામના પાટીયા પાસેથી ૩, સેકટર-૨૪ હરાજી શાકમાર્કેટ નજીકથી ૩ અને સેકટર-૧૩ છાપરા વિસ્તારમાં કામ વિના આંટાફેરા મારતા નાગરીકોને પોલીસે પકડી પાડી તમામ સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાટનગરમાં સેવાના અવિરત પ્રવાહો

## દરરોજ ૧૫૦૦ વ્યકિતઓનો જઠરાગ્નિ ઠારતી 'જલારામ સેવા'





ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં જયારથી લૉકડાઉન લાગુ પાડવામાં આવ્યું છે ત્યારથી શહેરની કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ સેવાભાવી સ્વયંસેવકો ખડપગે જહેમત ઉઠાવી શહેરની ઝુંપડપટ્ટીઓમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને ભોજન સેવા સહિતની વિવિધ જરુરી સેવા પુરી પાડી આ વર્ગને કટોકટીના સમયે સાચવી લેવા સાથે અહેસાસ કરાવી રહ્યા છે કે કપરા કાળમાં શહેર આપની સાથે છે. શહેરમાં 'જલારામ સેવા' અંતર્ગત ૨૦૦ ફુડ પેકેટસથી શરૂઆત કરવામાં આવેલી ભોજન સેવા હાલ બે ટંક દરમિયાન ૧૫૦૦ ફુડ પેકેટસ સુધી પહોંચી ચુકી છે.

'જલારામ સેવા' અંતર્ગત શહેરમાં વિવિધ સંસ્થાના સેવાભાવી સ્વયંસેવકો દ્વારા દરરોજ બે ટંકનું ભોજન તૈયાર કરવામાં આવે છે. જેમાં પુરી શાકથી માંડીને વિવિધ વાનગીઓ સાથે ભાણું તૈયાર કરાય છે. વાવોલના જલારામ પાર્ટી પ્લોટ ખાતેથી ચલાવાતી આ સેવામાં શહેર ઉપરાંત વાવોલ, ધોળાકુવા, પેથાપુર, રાયસણ, કુડાસણ વગેરે વિસ્તારમાં તથા શહેરમાં પણ વિવિધ સેકટરોમાં ફુડપેકેટસ તૈયાર કરીને સ્વયંસેવકોની પાંચ ટીમો દ્વારા સમયસર ભોજન પહોંચાડવામાં આવી રહ્યું છે. આ ભોજન સેવામાં હાલ ૧૫૦૦ જેટલાં વ્યકિતઓને આવરી લેવામાં આવી રહ્યા છે.

## નિર્મોહી આશ્રમની વણથંભી ખિચડી સેવા



ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના સેકટર-૨૫ ખાતેની ઈલેકટ્રોનિકસ જીઆઈડીસીમાં પાઠયપુસ્તક મંડળના ગોડાઉન પાસેના જોગણી માતાના મંદિરે નિર્મોહી અખાડા આશ્રમ દ્વારા દર રવિવારે ચલાવાતી ખિચડી સેવા પણ અત્યારે લૉકડાઉનના પગલે દરરોજ સવારે અવિરત પ્રમાણે ચલાવાઈ રહી છે. આ ખીચડી સેવામાં ઉચ્ચ ગુણવત્તાવાળા અનાજ તથા તેલ તેમજ મરી મસાલાનો ઉપયોગ કરવામાં આવે છે અને દરરોજ ખિચડી તૈયાર થયા પછી તેને સ્વયંસેવકો દ્વારા શહેરના સેકટર-૨૪, સે-૧૬, સે-૧૫ વગેરે વિસ્તારના જરૂરિયાતમંદ પરિવારોને રૂબરૂ જઈને પહોંચાડવામાં આવે છે. આ સેવામાં શહેરના અગ્રણી નાગરિકો સ્વૈચ્છિક સેવા આપી રહ્યા છે. જેમાં કોઈ આર્થિક યોગદાન થકી તો કોઈ વિતરણ સેવામાં શ્રમદાન થકી સેવા આપી રહ્યા છે.

## શીખ સમાજ દ્વારા લોકડાઉનમાં અવિરત લંગરસેવા





ગાંધીનગર, તા. ૯

સમગ્ર ગુજરાતનો શીખ સમાજ દરેક પરિસ્થિતિમાં દેશસેવા માટે તત્પર હોય છે. હાલ કોરોના મહામારીના સંકટ સમયે છેલ્લાં ૧૩ દિવસથી સમગ્ર ગુજરાતના શીખ સમાજ દ્વારા લંગરસેવા ચાલુ છે જેનો આશરે ૬૦ હજાર જેટલા જરૂરિયાતમંદો લાભ મેળવે છે. ગુજરાત માઈનોરિટી અને ફાઈનાન્સ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ડાયરેકટર પરમજીત કૌર છાબડાએ જણાવ્યું હતું કે આ સેવા અવિરત ચાલુ રહેશે. શીખ સમાજ દ્વારા પુરી સાવધાની અને સજ્જતા સાથે આ ભોજન સેવા ચલાવાય છે. જેમાં ગાંધીનગર ગુરૂદ્વારા, અમદાવાદ ગુરૂદ્વારા ગોવિંદધામ, ગુરૂદ્વારા મણિનગર, ગુરૂદ્વારા ઓઢવ, ગુરૂદ્વારા વાડજ, ગુરૂદ્વારા સાબરમતી તથા ગુરૂદ્વારા કૃષ્ણનગર અને અન્ય શહેરો જેવા કે રાજકોટ, ભરૂચ, સુરત, વડોદરા સહિત ગુજરાત શીખ મિશન અને કલગીધર સેવા જથ્થા તેમજ શીખ સોસાયટી પણ સેવા આપી રહી છે.



કપરા સમયગાળામાં માનવતાની મહેંક ઠેર ઠેર જોવા મળી રહી છે. લૉકડાઉનમાં ઘણા બધા લોકો ઘરમાં છે તેવા સમયે દિવસ-રાત સેવા બજાવતા પોલીસકર્મીને સલામ છે. સેવાભાવી નટુભાઈ ઠાકોર અને યુવાનો દ્વારા આ પોલીસકર્મીઓ માટે લીંબુ પાણીની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

કોરોનાના કહેર વચ્ચે માસ્ક પહેરવું જાણે હવે અનિવાર્ય બની ગયું છે. ઘરની બહાર નીકળતા મોટાભાગના લોકો માસ્ક પહેરીને જ બહાર નીકળે છે. આવા સમયે શહેરના પ્રિયા માણીક અને રત્ના માણીકે હોમમેડ માસ્ક બનાવ્યા છે અને તેનું પાડોશીઓ અને પરિવારજનોમાં વિતરણ કર્યું છે.

